# જ્ઞાતિમૈયા

**જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર**

ઈ-મેગેઝીન ● વર્ષ : ૨ ● અંક : ૩૧ ● સળંગ અંક : ૮૨ ● તા. ૦૪ જાન્યુઆરી ૨૦૨૦ થી ૧૦ જાન્યુઆરી ૨૦૨૦



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


## ક.દ.ઓ. દલતુંગી મહાજન દ્વારા મહાજવાડીના લોકાર્પણ નિમિતે ત્ર્યાહ્નિકા મહોત્સવનું આયોજન



આવ નહીં, આદર નહીં,
નહીં નયનમાં નેહ,
તે ઘર કદી ન જાઈએ,
ભલે કંચન વરસે મેહ

- --



નીશિથ આનંદ દંડ

Sure Safety®
Complete Safety Solutions
PPE Training Consulting & Services



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તિલોકચંદ નરશી દંડ
કીર્તિકુમાર ધનજી ધરમશી

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**
http://www.kdosm.org
Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# સારાં નરસાં પાસાં સોશિયલ મીડિયાના

દરેક ચીજના બે પાસાં હોય છે. દરેક વિચાર, દરેક સાધન, વ્યક્તિ કે દરેક પગલાના ગુણ-અવગુણ ધરાવતા ગુણધર્મો હોય છે. જેમ ચપ્પુ રસોડામાં અનેક રીતે ઉપયોગી છે પણ એ જ ચપ્પુ હથિયાર તરીકે, શસ્ત્ર તરીકે વપરાય શકે તો ઘાતક નિવડે છે. કોઈપણ વસ્તુનો અતિ ઉપયોગ હાનિકારક છે. દવાના અમુક ટીપાં રોગથી સ્વસ્થ બનવા માટેનું સારો માધ્યમ બની શકે છે એ જ દવાનો વધુ પડતો ડોઝ જીવન હાનિ માટેનું કારણ બની શકે છે.

આજે દિવસો દિવસ વિજ્ઞાનના આવિષ્કાર થતા રહે છે. અગાઉના જમાનામાં રોગો ઘરેલુ પ્રયોગોથી કે આયુર્વેદિક ઔષધ કે કુદરતી નુસખાથી સારા થઈ જતા હતા. જેમ સમય જતો ગયો તેમ તેમ નવી દવાઓ, દર્દ-બીમારીની જડ જાણવા માટે નિત નવા મશીનો, મોર્ડન ઉપચાર પધ્ધતિઓ શોધાતી ગઈ તેમ તેમ અવનવા રોગો પણ પોતાનો પ્રભાવ બતાડતા રહે છે. જે અગાઉ અસાધ્ય રોગ ગણાતા હતા એ હવે ઈલાજના બળે મટે છે તો તેની સામે બીજા નવા રોગો પોતાનો પ્રભાવ પ્રસરતા રહ્યાં છે.

આવી જ રીતે સંદેશ વ્યવહારમા ટેક્નોલોજીના પ્રતાપે ચોવીસ કલાકે સૌ એકબીજાના સંપર્કમાં રહી શકે છે. લાંબે-નજીક રહેતા વીડિયો કોલ દ્વારા એકબીજાને જોઈને વાર્તાલાપ કરી શકે છે. વોટસએપ જેવા ચર્ચાના ચોતરામાં પોતાના સર્કલ સાથે વિચારો ચિત્રો, કે પ્રસંગ ફિલ્મો દ્વારા નિકટમાં રહે છે.

સોશિયલ મીડિયાનો છંદ દિવસો દિવસ વધતો જાય છે. ખાસ કરીને મહિલાઓ અને યુવાવર્ગમાં વોટસએપ, ઈન્ટસ્ટ્રાગ્રામ, ફેસબુક, ટિવટર, હાઈક તેમજ અન્ય એવા કેટલાય એપ દ્વારા સંદેશા કે માહિતીની આપ લે સાથોસાથ મનોરંજનનો આનંદ પણ માણી શકે છે. આ બધા એવા માધ્યમ છે જેમાં અજાણી વ્યક્તિ સાથે વાતચીત થઈ શકે છે. આ બધી ટેકનોલોજીના બે પાસાં છે નેગેટિવ અને પોઝિટિવ.

જે કામ કરવામાં જે માહિતી, ડોક્યુમેન્ટ થિયરી સામેની વ્યક્તિને પહોંચાડવા કલાકો કે દિવસો લાગી જતા એ કામો હવે ઝડપી અને સુલભ રીતે થવા લાગ્યા છે. સોશિયલ મીડિયાના માધ્યમથી સારા વિચારો, ઉપદેશ અને હકારાત્મક વાતોને સંદેશાઓ ઝડપથી સૌને આપી શકાય છે. તો અફવા કે નિંદાભરી, ટીકાત્મક વાતો, ધડમાથા વગરના સંદેશાઓ આ માધ્યમ દ્વારા ઝડપથી પ્રસરાવી શકાય છે. હાલમાં જ કાશ્મીરમાં તથા દેશભરમાં તંગદિલી ફેલાવવા કે સરકારના વિરોધમાં ઝડપી રીતે કોઈપણ નેગેટિવ સંદેશ પ્રસરાવી ટોળા રસ્તા પર જમા કરી હિંસા માટે ઉશ્કેરવું સહેલું પડે છે. આવા તોફાની ગેરસામાજિક તત્વો આ ટેકનોલોજીના માધ્યમનો ઉપયોગ કરી દેશભરનો માહોલ ખરાબ કરી શકે છે.

ખાસ કરીને આજની યુવા પેઢી સમજી, વિચારીને સોશિયલ મીડિયાનો ઉપયોગ કરે તો એમને માટે સારું રહેશે. વડીલોએ પણ પોતાના સંતાનો-દીકરીઓને આ બાબતે સમજણ આપે એ જરૂરી છે.

- જય જ્ઞાતિમૈયા

# ક.દ.ઓ. દલતુંગી મહાજન દ્વારા મહાજવાડીના લોકાર્પણ નિમિતે ત્ર્યાન્હિકા મહોત્સવનું આયોજન

**શ્રી અજિતનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ, ક.દ.ઓ. દલતુંગી મહાજન દ્વારા તા.૧૩ થી ૧૫ જાન્યુઆરી ૨૦૨૦ દરમ્યાન મહાજનવાડીના લોકાર્પણ નિમિતે ભવ્ય ત્ર્યાન્હિકા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવમાં યોજાનારા કાર્યક્રમોની રૂપરેખા નીચે પ્રમાણે છે.**



# પ.પૂ.રાજેન્દ્રસૂરિજી મહારાજ સાહેબની તીરુપુર ખાતે ગુરુ સપ્તમી ઉજવાઈ

પ.પૂ.રાજેન્દ્રસૂરિજી મહારાજ સાહેબની ગુરુ સપ્તમી મંગળવાર, તા.૨-૧-૨૦૨૦ના તીરુપુર (તામીલનાડુ)ખાતે ભવ્ય રીતે ઉજવાઈ હતી જેમાં કાર્યક્રમો - સવારે ૭ કલાકે ભક્તામર, ૭.૪૫ કલાકે ગુરુ ચાલીસા, ૮.૧૫ કલાકે નવકારશી, ૯.૩૦ થી ૧૦.૩૦ કલાકે ગુરુદેવની પુજા, ૧૧.૦૦ થી ૧૨.૦૦ કલાકે ભવ્ય શોભાયાત્રા, ૧૨.૩૦ થી ૧.૩૦ કલાકે સ્વામિ વાત્સલ્ય અને સાંજે ૭.૩૦ કલાકે ભક્તિ ભાવના કરાઈ હતી. આ કાર્યક્રમમાં વિશાળ સંખ્યામાં જ્ઞાતિજનોએ ભાગ લીધો હતો.



# ગરીબોના ઝુંપડે ૫૦ ધાબળા વિતરણ કરાયા

દાતાશ્રી માતુશ્રી દેવકુંવરબેન તથા પિતા ડૉ.મેઘજી વેલજી ધરમશી હસ્તે સુપુત્રીઓ ડૉ.ઉર્વશીબેન, પ્રિયવંદાબેન, વિધાતાબેન, તક્ષશીલાબેન ગામ ગોરખડી હાલે તાડદેવ મુંબઈના સહયોગથી માનવજ્યોત સંસ્થા ભુજના માર્ગદર્શન હેઠળ ૫૦ જરૂરતમંદ પરિવારોને ગરમ ધાબળા વિતરણ કરી ઠંડી સામે રક્ષણ આપવામાં આવ્યું હતું. વિતરણ વ્યવસ્થા પ્રબોધ મુનવર તથા સર્વે કાર્યકરોએ સંભાળી હતી.









# કચ્છ જલધારા ટ્રસ્ટના જલસંચય અભિયાનમાં નલીયાના મુંબઈવાસીઓ જોડાયા



કચ્છમાં વરસાદી પાણીનો વધુમાં વધુ સંગ્રહ કરીને કચ્છમાં પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવાના ઉમદા ઉદ્દેશથી દાનવીર ઉદ્યોગપતિ શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરી જેના મુખ્ય સૂત્રધાર છે એવા જલધારા ટ્રસ્ટના અથાક પ્રયાસોથી પ્રભાવિત થઈ આ અભિયાનને પ્રોત્સાહન આપવાના શુભ આશયથી નલીયાના સર્વ તળાવોનું નવનિર્માણ કરી તેમની જલસંગ્રહ ક્ષમતા વધારવા અંગે વિચારણા કરવા મુલુંડવાસી નલીયા મિત્ર મંડળના નેજા હેઠળ રવિવાર, તા.૨૯-૧૨-૨૦૧૯ના મૂળ ગામ કચ્છ નલીયાના સર્વ જ્ઞાતિના સભ્યોની એક મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ મીટિંગમાં કચ્છ જલધારા ટ્રસ્ટ વતીથી ટ્રસ્ટીઓ શ્રી અરૂણભાઈ ભીંડે અને કિશોરભાઈ ચંદન અને મનજીભાઈ ભાનુશાલી વતી અને કાંતિભાઈ કટારીયા ઉપસ્થિત રહીને કચ્છ અને ખાસ કરીને નલીયામાં જળસંગ્રહ અંગે માર્ગદર્શન આપ્યું હતું, જેમાં તેમણે જણાવ્યું હતું કે આ વર્ષે કચ્છમાં ૩૦ ઈંચ વરસાદ થયો છતાં બે મહિનામાં તળાવો અને ડેમો સૂકાઈ જશે. એ પાણી માટેના આયોજનનો અભાવ છે. નલીયામાં કુલ ૧૮ એકર વિસ્તારના ૩ તળાવો છે તેમાં ખાણેતરૂ કરવું, તળાવની બાઉન્ડ્રી કરવી, તળાવની બાજુમાં અવાડો કરવો અને કબૂતરો કરવો. આ કામ માટે સરકાર તરફથી કુલ ખર્ચના ૮૦ ટકા સબસીડી આપવામાં આવે છે અને ૨૦ ટકા લોકભાગીદારીથી ગામવાસીઓએ આપવાના રહે છે.



# કચ્છ જલધારા ટ્રસ્ટના જલસંચય અભિયાનમાં નલીયાના મુંબઈવાસીઓ જોડાયા



આ મીટિંગમાં હાજર રહેલ સર્વ જ્ઞાતિના સભ્યોએ પોતાનો પ્રતિભાવ આપ્યો હતો અને આ કાર્ય બને તેટલી જલદી હાથ ધરવાનો મત વ્યક્ત કર્યો હતો. આ સભામાં નલિયાવાસી ઈન્કમ ટેક્સ ડેપ્યુટી કમિશ્નર દિલીપ નાગડાની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.







મીટિંગમાં ચર્ચા વિચારણા બાદ આ કાર્યમાં પાંચ સભ્યોના માર્ગદર્શન હેઠળ આગળ વધવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જેમના નામ આ પ્રમાણે છે (૧) ગૌતમભાઈ શાસ્ત્રી (૨) જયંતભાઈ છેડા (૩) લહેરીભાઈ ભાનુશાલી (૪) અનિલભાઈ દાવડા (૫) નાનજી સુંદરજી સેજપાલ. આ સમિતિ કચ્છ જલધારા ટ્રસ્ટના માર્ગદર્શન હેઠળ નલીયાના તળાવોનું નવનિર્માણ કરવા જિલ્લા તેમજ રાજ્ય સ્તરે યોગ્ય કાર્યવાહી કરશે અને આ કાર્યક્રમને આગળ ધપાવવા માટે સ્થાનિક ગામવાસીઓની વિશેષ જરૂરત રહેતા એક મિટીંગ રવિવાર, તા.૧૨ જાન્યુઆરીના રોજ ચંદ્રપ્રભુ અતિથિગૃહમાં બપોરના રાખવાનો નક્કી કરેલ છે અને આગળની કાર્યપધ્ધતિને વેગ આપવામાં આવશે.

આ સમિતિના સભ્યો ઈચ્છે છે કે આ કાર્ય માટે મુલુંડના નલીયાવાસીઓ સાથે સમસ્ત મુંબઈના નલીયાવાસીઓ જોડાય તો આ કાર્યને વેગ મળે. આ માટે સમસ્ત મુંબઈના નલીયાવાસીઓની એક લોકસમિતિનું ગઠન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. નલીયા ગામની મુંબઈના કોઈપણ પરામાં વસતી કોઈપણ જ્ઞાતિની વ્યક્તિ આ લોકસમિતિમાં જોડાઈ શકે છે. ઈચ્છુક વ્યક્તિઓએ જયંત છેડા-૯૩૨૨૨૫૭૭૩૧ અથવા અનિલ દાવડા-૯૮૨૦૦૭૦૪૨૩નો સંપર્ક કરવા વિનંતી.





# ચોપડા સંઘમાં સિધ્ધચક્ર મહાપૂજનની આરાધના કરાઈ





આગમ દિવાકર આચાર્ય પ.પૂ.શ્રી મહોદયસાગરસૂરિશ્વરજી મ.સા. તા.૨૮ ડિસેમ્બર શનિવારના ખાનદેશ પ્રાંતના જલગામ જિલ્લાના ચોપડા નગરમાં પૂજ્યશ્રી પધારતાં તેમનું ભવ્ય સામૈયું વાજતે ગાજતે કરાયું. તેમના જ્ઞાનવર્ધક પ્રવચનનો લાભ સૌએ લીધો હતો.

કચ્છ વારાપધ્ધર સુશ્રાવિકા વીણાબેન તિલકભાઈ લાલકાના અમૃત મહોત્સવ નિમિત્તે આયોજિત શ્રી સિધ્ધચક્ર મહાપૂજનમાં પૂજ્યશ્રી મ.સા.એ નિશ્રા આપેલ.

ચોપડા નગરમાં ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજનનું શ્રી મુનિસુવ્રત સ્વામિનું ભવ્ય જિનાલય છે. આજુબાજુ પરિસરના અનેક ગામોમાંથી ઉપરોક્ત પરિવારોના સગા સ્નેહીઓ આ ધર્મ આરાધનામાં જોડાઈ ધન્ય થયા હતા. તા.૨૯ ડિસેમ્બર રવિવારના પૂજ્યશ્રીની સ્થિરતા હતી. ગુરૂભક્તો અને શ્રાવક શ્રાવિકો દર્શન અને ધર્મ વ્યાખ્યાન શ્રવણનો લાભ લીધો હતો. તા.૩૦ ડિસેમ્બર સોમવાર પૂજ્યશ્રી અમલનેર તરફ વિહાર કર્યો હતો.





# કન્યા ૯૯ યાત્રા પ્રોગ્રામની તારીખમાં ફેરબદલ કરાઈ

અગાઉ નિર્ધારિત થયેલ કન્યા ૯૯ છ ગાઉ યાત્રાનો કાર્યક્રમ તા.૨૪મે ૨૦૨૦ આરંભ કરવાનું નક્કી કરાયેલ.

તા.૨૩મે ૨૦૨૦ શનિવાર દિને કચ્છના તમામ ગામના જિનાલયમાં વર્ધમાન શક્રસ્તવ મહાઅભિષેક તેમજ તા.૨૪ મે ૨૦૨૦ રવિવારે કચ્છના તમામ ગામોના તમામ જૈન ભાઈ બહેનોનું નાના રતડીયા ગામે સાજન સારી સાધર્મિક ભક્તિનો ભવ્ય તેમજ વિશાલ કાર્યક્રમ છે.

જેને લક્ષમાં રાખી છ ગાઉ યાત્રા જે અગાઉ તા.૨૪મે રવિવારથી પ્રારંભ થનાર હતી એ નવી તારીખ મુજબ એક સપ્તાહ અગાઉ તા.૧૭મે ૨૦૨૦ રવિવારના રાખવામાં આવેલ છે.

આ કાર્યક્રમ ફેરબદલ તારીખની સૌએ નોંધ લેવી અને એ તારીખો અનુસાર છ ગાઉ યાત્રામાં આવવા જવાની ટિકીટ રીઝર્વડ કરાવી લેવી. સૌએ એકબીજાના સંબંધિતોને આ ફેરફારની જાણ કરવી જેથી છ ગાઉ યાત્રામાં સૌ નવા પ્રોગ્રામ અનુસાર જોડાઈ લાભ લઈ શકે.

# અંતરજાળ વિમલનાથ જિનાલયની ૭મી વર્ષગાંઠ ઉજવાઈ



કચ્છના આદિપુરના અંતરજાળ મધ્યે શ્રી મહાવીરનગર વિસ્તારમાં આવેલ શ્રી વિમલનાથ પ્રભુજી જિનાલયની ૭મી વર્ષગાંઠની અચલગચ્છ જૈન સંઘ આદિપુર દ્વારા પ.પૂ.મુનિરાજ શ્રી કંચનસાગરજી મ.સા.ની શુભપાવન નિશ્રામાં ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવેલ. આ પ્રસંગે સતરભેદીપુજા, ધ્વજારોહણ, સાધર્મિક ભક્તિ, પ્રભુજીની ભવ્ય આંગીરચના વિગેરે કાર્યક્રમો યોજાયા હતા.

સાધર્મિક ભક્તિ માતુશ્રી ભચીબાઈ પદમશી ખીંયશી લોડાયા પરિવાર હસ્તે અ.સૌ.જયાબેન શાંતિલાલ લોડાયા ગામ સાંયરાવાલા તરફથી યોજાઈ હતી. વિધિવિધાન રાજુભાઈ નંદુએ કરાવ્યા હતા. જ્યારે સંગીતની રમઝટ નીશાબેન સંઘવી એન્ડ પાર્ટીએ જમાવી હતી. જિનાલયના મુખ્ય દાતા પરિવારના અ.સૌ.જયાબેન શાંતિલાલ લોડાયા પરિવારની અંતરની ભાવનાઓને બિરદાવવામાં આવેલ.

આ પ્રસંગે કચ્છ એકમ સંસ્થાના પ્રમુખ મહેશભાઈ લાલકા, ગાંધીધામ ક.દ.ઓ.મહાજન પ્રમુખ લહેરચંદ ખોના, ભુજ મહાજન પ્રમુખ પ્રબોધ મુનવર, પ્રવિણભાઈ દંડ, પ્રભુલાલભાઈ સંઘવી, પ્રભાત ટ્રાન્સપોર્ટના રાજુભાઈ મહેતા, રોહિતભાઈ શાહ, રાજુભાઈ જૈન, રસિકભાઈ મહેતા, ચંદ્રકાંત શાહ, પ્રદીપ ખોના તથા આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. જિનાલયની જુદી-જુદી ૧૨ વાર્ષિક તિથિઓના ચડાવાનો લાભ વિવિધ દાતાશ્રી પરિવારોએ લીધો હતો.

વ્યવસ્થામાં નિલેશ ડાઘા, કેતન મોમાયા, બ્રિજેશ ખોના, મૃદુલાબેન નાગડા, કવિતાબેન ખોના તથા મહાવીર નગરના સર્વે કાર્યકર ભાઈ-બહેનોએ સહકાર આપ્યો હતો.

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ દ્વારા મુંબઈ મધ્યે ૮૦મા સમૂહ લગ્ન મહોત્સવનું આયોજન

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ દ્વારા ૮૦મો સમૂહ લગ્ન મહોત્સવ તા.૧૭ મે, ૨૦૨૦ રવિવાર, વૈશાખ વદ ૧૧ના મુંબઈ મુકામે આયોજિત કરાયો છે. આ સમૂહલગ્નમાં જોડાવવા ઈચ્છુક પરિવારોએ તા.૩૧ માર્ચ સુધી મુંબઈ મહાજનશ્રીના કાર્યાલયમાંથી સોમવારથી શનિવાર બપોરે ૧૨ થી સાંજે ૬.૩૦ સુધી ફોર્મ પ્રાપ્ત કરી વિગત ભરીને જમા કરાવી જવા.

વધુ વિગત માટે મુંબઈ મહાજન-૦૨૨-૨૩૪૪૮૨૭૪નો સંપર્ક કરવો.

# ખિરકિયા સંઘમાં સિધ્ધચક્ર મહામંડલ વિધાન પૂજનનું આયોજન ભવ્યતાથી કરાયું









જૈન ધર્મના તીર્થોમાં સમ્મેત શિખરજી શાશ્વત છે મંત્રોમાં નવકાર મહામંત્ર શાશ્વત છે. આ પ્રકારે યંત્રોમાં સિધ્ધચક્ર વિધાન પૂજન શાશ્વત છે. જૈન ધર્મની પરંપરામાં પૂજા, ઉપાસનાનું વિશેષ મહત્વ છે. આમાં સિધ્ધચક્ર મહામંડળ વિધાનનો અધિક મહિમા છે. જેના અનુષ્ઠાન તપથી સૌના જીવનના સમગ્ર પાપ, તાપ અને સંતાપ નષ્ટ થાય છે.

પુરાણો અનુસાર મૈના સુંદરીને આ સિધ્ધચક્ર મહામંડળ વિધાનનું આયોજન કર્યું જેના પરિણામે તેના પતિ શ્રીપાળ કામદેવ જેવું સુંદર રૂપ પામ્યા. આ અને સિધ્ધચક્ર મહાપૂજન વિષેના મહિમાની વાત પ્રસિદ્ધ જૈન વિધિકાર ડૉ.હર્ષભાઈ દેઢિયાએ નાગડા જિનીંગ પરિસરમાં દ્વિદિવસીય દેવગુરૂ માતૃ ઉપકાર સ્મૃતિ મહોત્સવના પ્રથમ દિવસે પૂજા પ્રસંગે કહી.

જૈન શ્વેતાંબર જૈન સાધ્વી પ.પૂ.જયદર્શિતાશ્રીજી મ.સા. અને પ.પૂ.સાધ્વીશ્રી હિમાંશુશ્રીજી મ.સાની પાવનકારી નિશ્રામાં વિધિકાર વૃંદના સંગીત તાલ સૂર દ્વારા સિધ્ધચક્ર પૂજન કરાયું.

સકળ સંઘના શ્રાવક શ્રાવિકાઓ આ ધર્મ આરાધનામાં જોડાઈને ધન્યતા ભર્યો લ્હાવો લીધો હતો.

# પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.નો જાન્યુઆરી માસનો સંભવિત વિહાર કાર્યક્રમ

પ.પૂ.આચાર્ય ભગવંત શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.નો જાન્યુઆરી ૨૦૨૦ માસનો સંભવિત વિહાર કાર્યક્રમ નીચે મુજબ છે.

તા.૫ જાન્યુઆરી રવિવારથી તા.૭ જાન્યુઆરી મંગળવાર જામનગર નગરે, તા.૮ જાન્યુઆરી બુધવાર જામનગર/નાગેડી, તા.૯ જાન્યુઆરી ગુરૂવારના નાની ખાવડી સાંજે મોટી ખાવડી ગામે, તા.૧૦ જાન્યુઆરી શુક્રવાર પડાના/ભરૂડીયા, તા.૧૧ જાન્યુઆરી રંગપુર, તા.૧૨ જાન્યુઆરી ૨૦૨૦ રવિવાર મોડપુર, તા.૧૩ જાન્યુઆરી સોમવારથી તા.૧૫ જાન્યુઆરી બુધવાર દલતુંગી ગામે સ્થિરતા, તા.૧૬ જાન્યુઆરી ગુરૂવાર દિને મોટી ખાવડી, તા.૧૭ જાન્યુઆરી શુક્રવાર જામનગર, તા.૧૮ જાન્યુઆરી શનિવાર દિને શાલીભદ્ર નગર, તા.૧૯ જાન્યુઆરી દિને લૈયારા, તા.૨૦ જાન્યુઆરી સોમવાર રોજે ચોકીઢાણી અને તા.૨૧ જાન્યુઆરી મંગળવાર રોજે રાજકોટ. આ મુજબ સંભવિત વિહાર કાર્યક્રમ પૂજ્યશ્રીનો છે. સંપર્ક સૂત્ર રણછોડભાઈ-૮૩૬૯૩૮૦૬૯૦



# આગમ દિવાકર આચાર્ય પ.પૂ.શ્રી મહોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ની વિહાર યાત્રા





આગમ દિવાકર આચાર્ય પ.પૂ.શ્રી મહોદયસાગરસૂરિશ્વરજી મ.સા. આદિઠાણા ૩, તા.૧ જાન્યુઆરી ૨૦૨૦ બુધવારના અમલનેર નગરના શિખરબધ્ધ જિનાલય તથા ૨ ગૃહ જિનાલયોના દર્શન અને ક.દ.ઓ.જ્ઞાતિના બધા ઘરોમાં પગલાં કરી પ્રવચનનો ધર્મ લાભ આપ્યો અને દેડાવે ગામની પ્રાથમિક શાળામાં પધાર્યા હતા.

તા.૨ જાન્યુઆરી ગુરૂવાર રોજે ૧૮ દેરાવાસી તથા ૪૨ સ્થાનકવાસીના મળી કુલ્લ ૬૦ ઘરોની વસ્તી ધરાવતા ઘરણ ગામમાં વાજતે ગાજતે પ્રવેશ કર્યો અને પ્રવચન વ્યાખ્યાનનો લાભ આપ્યો. તા.૭ જાન્યુઆરી મંગળવારે જિનાલયની વર્ષગાંઠ ઉત્સવ નિમિત્તે છ દિવસ ઘરણ ગામમાં સ્થિરતા દરમ્યાન રોજ સવારે ૯.૧૫ થી ૧૦.૧૫ સુધી પ્રવચન કરી સંઘના શ્રાવક શ્રાવિકાઓને ધર્મ-ધ્યાન અને ભક્તિના માહોલમાં તરબતર કર્યા હતા. ત્યારબાદ પૂજ્યશ્રી મ.સા. પારોલા તીર્થે વિહાર કરી ૧૫ દિવસની સ્થિરતા કરશે.







# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● માંડવીના નવચેતન ભગવાન મહાવીર કલ્યાણ કેન્દ્ર દ્વારા આયુર્વેદિક ઉકાળાના ૧૫ દિવસીય મફત કેમ્પમાં ૨૬ ઔષધીઓથી બનેલ રોગ પ્રતિકારક શક્તિ વધાવનાર આયુર્વેદિક ઉકાળાનો અનેક જણાઓએ લાભ લીધો હતો.

● ટાંચા સાધનો અને બેસુમાર ગરીબીમાં છતી ઈચ્છાએ શિક્ષણથી વંચિત રહી જનાર વ્યક્તિ જ્યારે બે પાંદડે થાય છે. ત્યારે બીજા વિના અભાવે ભણે એવો ભાવકરી મદદરૂપ થાય. નૂતન સરસ્વતી વિદ્યાલય ટ્રસ્ટ નારણપર દ્વારા પ્રાથમિક માધ્યમિક શાળા ચલાવાય છે. અત્રેના રામજી હરજી હાલાઈ પોતે નવ ચોપડી જ ભણી શક્યા તેનો વસવસો વાળતાં ૧૨ લાખનું દાન શાળા ટ્રસ્ટને આપ્યું. આ અગાઉ પણ તેમણે સ્કૂલ બસ અને વર્ગ ખંડ માટે ૨૧ લાખનું અનુદાન આપી ચૂક્યાં છે.

● છેલ્લાં ૧૮ વર્ષથી ભુજમાં અપ્સરા ડાન્સ અને ઝુમ્બા ફિટનેસ એકડેમી ચલાવતા વૈશાલી જેઠી તાજેતરમાં બેંગકોક–થાઈલેન્ડ ખાતે ઈન્ડિયન આર્ટ એન્ડ કલ્ચર સોસાયટી દ્વારા યોજાયેલ ઈન્ટરનેશનલ ડાન્સ કોમ્પીટિશનના નિર્ણાયક તરીકે સેવા આપવા પસંદગી કરાયા હતા અને આમ તેમણે ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

● રામાયણ કથાકાર મોરારી બાપુએ વર્ષ ૨૦૧૧ થી ધ્યાન સ્વામી એવોર્ડ શરૂ કર્યા છે. ગુજરાતમાં ઉત્તમ સેવાકાર્ય કરી પ્રતિભાવંત સંસ્થાઓની આ માટે પસંદગી કરાય છે. આ વર્ષનો આ એવોર્ડ ૨૫૦ વર્ષ પહેલા રાપર દરિયાસ્થાનમાં સ્થાપેલ રવિભાણ સંપ્રદાયની ભાણ સાહેબની જગ્યાને મળશે. ફેબ્રુઆરી માસમાં આ એવોર્ડ અપાશે. આ સંસ્થા દ્વારા અન્નક્ષેત્રે છાશ કેન્દ્ર, ગોશાળા, સત્સંગ કેન્દ્ર સંચાલિત કરાય છે. દરેક માસે નેત્રયજ્ઞ પણ યોજાય છે.

● કચ્છ જિલ્લા પેન્શનર્સ એસોશિયેશનના બે ગ્રુપ દ્વારા મહારાષ્ટ્ર રાજ્યના ભવ્ય સ્થળોની યાત્રા યોજી પાંચ જ્યોર્તિલીંગ તેમજ અષ્ટવિનાયકની જાત્રા કરાવાઈ જેનો ભરપૂર આનંદ વયસ્કજનોએ લીધો હતો.

● વાગડ પંથકના છેવાડાના લખાગઢ ગામના દલાભાઈ આહીર પોતાના મિત્રવર્તુળ સાથે એક મિશન કર્યું છે. બધા મિત્રોના મોબાઈલ નંબર સાથે દરેકના જન્મદિવસની નોંધ રાખી જે મિત્રનો જન્મ દિવસ નજીક હોય એને દલાભાઈ આગોતરી શુભ કામના આપી સમાજ ભાંડુરાઓના ભૂલકાંઓ માટે ફંડ એકઠું કરી એ રકમની શિક્ષણની વસ્તુઓ ભૂલકાંઓને હાથોહાથ આપે છે. આ ભંડોળ માટે મિત્ર મંડળ સાથે બેંક ખાતું ખોલ્યું છે. આ મિત્ર મંડળીએ દિવાળીના સપરમાં દિવસોમાં શિક્ષણ રથ બાર ગામોમાં ફેરવી દીકરીઓને ખૂબ ભણાવવા પર ભાર મૂકી, વિદ્યાર્થીઓને દફતર બેગ તેમજ ઉપયોગી વસ્તુઓ આપી પ્રોત્સાહન કરે છે.

● તાજેતરમાં સુરત ખાતે યોજાયેલ રાજ્યસ્તરના ખેલમહાકુંભ ૨૦૧૯ની તરણ સ્પર્ધામાં ભુજના જાણીતા તરવૈયા અને સ્વિમીંગ કોચ જયેન્દ્ર શુકલ ૬૦ વર્ષથી ઉપરના ગ્રુપમાં વ્યાક્તિગત રીતે ૫૦ મીટર ફ્રી સ્ટાઈલુ ૫૦ મીટરની બટરફ્લાય, તરણ સ્પર્ધામાં, પ્રથમ ક્રમે આવી સુવર્ણચંદ્રક જીત્યો ૫૦ મીટર બેસ્ટ સ્ટ્રોકની ઈવેન્ટમાં દ્વિતિય નંબરે આવી રજત ચંદ્રક મેળવ્યો હતો.

● ક.વી.ઓ. સમાજની દીકરી ડો. ઉષ્મા ધીરજ ધરોડ જે અરૂણાચલ પ્રદેશની ઓફિસમાં સ્ટેટ ઈનચાર્જની જોબ કરે છે. તેના લગ્ન તાજેતરમાં થાણાની ટીપટોપ પ્લાઝામાં યોજાનાર છે. રિપ્સેશનના આગલા દિવસે જેમાં ચાંદલો કે ઉપહાર આપવાને બદલે સૈનિકો માટે ફંડ આપવાની વિનંતી કરાઈ છે. મૂળ પત્રી તા. મુદ્રાના અને થાણામાં ધરોડ પરિવાર રહે છે.

# જીવન ઘટમાળ

| | | | | |
|---|---|---|---|---|
| | | ● જન્મ ● | | |
| ૧૦.૧૨.૨૦૧૯ | ગાંધીધામ | વ્રેહાન કોમલ પરિન અરવિંદ લોડાયા | વારાપધ્ધર | પુત્ર |
| | | ● આંતરજ્ઞાતિ સગપણ ● | | |
| ૨૦.૧૨.૨૦૧૯ | ઘાટકોપર | માલવ સંગમ વાડીલાલ વોરા | ભુજ | ૨૫ |
| | ઘાટકોપર | અમીષા ભરત હંસરાજ મોમાયા | સુથરી | ૨૪ |
| ૨૦.૧૨.૨૦૧૯ | પુણે | સચિન શિવાજી દત્તાત્રય જાધવ | ઉસ્માનાબાદ | ૨૮ |
| | નાંદેડ | હેતલ ચંદ્રપાલ ચીમનલાલ નાગડા | તેરા | ૨૮ |
| | | ● લગ્ન ● | | |
| ૧૮.૧૧.૨૦૧૯ | આદિપુર | ઉમેદ રાજેશ સોમચંદ દંડ | તેરા | ૨૯ |
| | મુલુંડ | પ્રિયંકા દિનેશ લાલજી લોડાયા | કોઠારા | ૨૯ |

# પ.પૂ.સાધ્વીશ્રી મુક્તિરત્નાશ્રીજી મ.સા. કાળધર્મ પામ્યા

સંસારી નામધારી માનબાઈ હિરજી વીરજી મોતા-કચ્છ ગામ તેરા જે મણિનગર અમદાવાદના ગોવિંદજી કેશવજી નાગડાના સંસાર પક્ષે બહેન પ.પૂ.સાધ્વીશ્રી મુક્તિ રત્નાશ્રીજી મ.સા. ઉ.વ.૯૫ તા.31 ડિસેમ્બર મંગળવાર દિને સુખરૂપ કાળધર્મ પામ્યા.

તેઓશ્રીની પાલખી બપોરે ૩ કલાકે શ્રી રોહિણાશ્રીજી સ્વાધ્યાય મંદિર, ૩૪ ઉત્તમ નગર સોસાયટી, વાસણા ટેલિફોન એક્ષ્ચેન્જની પાછળ, અમદાવાદ વાસણા ઉપાશ્રયથી નીકળી જેના ચડાવા બપોરે ૨ કલાકે લેવાય. સકળ સંઘના સૌ શ્રાવક શ્રાવિકાઓ નતમસ્તકે જય નંદા, જય ભદ્રાનું રટણ કરતાં પૂજ્ય શ્રીના આદરભાવ કરતા પાલખી યાત્રામાં જોડાયા હતા.


જ્ઞાતિમૈયા માં
આપની કોઈપણ મેટર અથવા જાહેરાત મોકલો
Email Id : gyatimaiya2018@gmail.com
Email Id : mahajansamast@gmail.com
Website : www.kdosamastamahajan.org
અથવા વોટ્સએપ પર મોકલો
9322257731

VEENA NAGDA BOLLYWOOD MEHENDI QUEEN ACADEMY
મેહંદી ના ઓર્ડર પર લઈ જવા માં આવશે.
CERTIFICATE COURSE
All Types of Mehendi & Personality Development
40 Years Experience in Mehendi
• Basic
• Floral
• Cutwork
• Movie Mehendi
• Figure
• Western
• Portrait
Etc.
Special Discount KDO



BATCH IS STARTING FROM 2ND JAN2019
For Inquiry & Admission Time : 11 am to 4 pm
Working Women's Special Batch on Sunday
OUT OF MUMBAI,INQUIRIES ALSO AVAILABLE.
Add : 52,Anant Niwas,Third floor,
Bhat Bazar,N.N.Street,
Masjid Bunder(W),
Near Railway Station,
Above E.H.kathawala
Call : 9820431717 / 9920641717
Email : veenanagda17@gmail.com
Special Discount For S.S.C
We also book bridal & party orders
www.veenabollywoodmehendi.com

शुरु किजिए
गृहिणी से बिजनेसवुमन बनने का सफर



अब आप अपने मनचाहे समय पर काम करने की सुविधा के साथ अपने काम और घर के बीच संतुलन बना सकती है।

हमारे साथ मिलकर आपके लिए अपना बिजनेस शुरु करने का अनोखा मौका यहाँ है।



તમારા જીવનની બીજી ઈનિંગ્સ શરૂ કરો
બિઝનેસની અનોખી તક સાથે.

જો તમે નિવૃત્ત હો તો પણ
હવે તમે આવક મેળવી શકો છો.
આત્મનિર્ભર બનવાની તમારા માટે
આ અનોખી તક છે.



## NO TARGETS, NO DEADLINES, ONLY ENDLESS OPPORTUNITIES TO EARN, WITH FLEXIBLE TIMINGS

Here is your opportunity to fulfill all your wishes and dreams by investing few hours in a day

## One Opportunity Many Benefits

- Fixed Salary
- Unlimited Income
- PF & ESI Benefits
- Part-time / Full-time Opportunity
- International Conventions

**Give more to life**

**For details**
**Contact : 8850840380**

Plan the present, secure the future.

Get a Family Insurance!



insurancekhoj.com™

the ultimate stop for insurance™

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

Karani

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL

KDO Gyatimaiya Weekly E-magazine KDO